ફેબ્રુઆરી- ૨૦૨૦

અંક - ૨૭




GSECL

GMDC
FUELING THE GROWTH



# અરૂણોદય





સંપાદકીય બોર્ડ

- એચ.કે. જોષી
- એસ.જે.મેહતા
- એમ.એમ.ઠક્કર



## અનુક્રમણિકા


- તંત્રી સ્થાનેથી
- સાદગીભર્યુ જીવન - શ્રેષ્ઠ જીવન
- માં, માતૃભૂમિ અને માતૃભાષાને ચાહીએ
- પર્યાવરણ સંરક્ષણ અને પ્રદુષણ નિયંત્રણનો રાષ્ટ્રીય ધર્મ
- બાલ દિવસ
- ગીતા જયંતિ
- શાળા ની પ્રવૃત્તિઓ




:: તંત્રી ::
પી.ટી. પઢેરીયા

## તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઈસીએલ કર્મચારી ભાઈઓ – બહેનો , શિક્ષકમિત્રો તથા વિધાર્થીઓ. સૌને સાદર વંદન "અરૂણોદય" ફેબ્રુઆરી -૨૦૨૦ અંકને -૨૭ આપ સર્વેની સમક્ષ રજુ કરતાં ખૂબ-ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

વર્ષ-૨૦૨૦ની શુભ કામનાઓ તથા ધોરણ ૧૦ અને ૧૨ વિધાર્થીઓને આગામી માર્ચ -૨૦૨૦ ની પરિક્ષા માટે શુભેચ્છા . આ અંકમાં જુદા– જુદા લેખો તથા આપણી શ્રી એસ.કે.વી વિધાલય માં દર માસે થતી પ્રવૃતિઓની ઝલક છેલ્લે ફોટોગ્રાફ દ્વારા દર્શાવેલ છે.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈ પણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઈન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

પી.ટી. પઢેરીયા

તંત્રી

# સાદગીભર્યુ જીવન - શ્રેષ્ઠ જીવન



પી.બી. પ્રજાપતી

ઉચ્ચ.માધ્ય.શિક્ષક

આજનો માનવ ભૌતિક સુખ સામગ્રી વગર જાણે પાંગળો બની ગયો છે. સુખ– સામગ્રી વગર જાણે તેનું જીવન અપાહિઝ બની ગયું છે. ભાગદોડ ભરી જિંદગીમાં તે પોતાના સુખ ચેન ને જાકારો આપી રહયો છે. તેના જીવનની શાંતિ, સાદગી છિનવાઈ રહયા છે. No time No time ની બૂમો પડાઈ રહી છે.

"સાદુ જીવન , સારો ખોરાક , સાદો પોશાક અને સહજમાં મળતો આનંદ" એનાથી એક ડગલું જો આગળ ભરશો તો શરૂ થઈ જશે સંઘર્ષ– સોક્રેટિસ

આ વિચારમાં સોક્રેટિસે કેટલી અદ્દભુત વાત કરી છે. સાદગીભર્યુ જીવન મતલબ દુ:ખોથી હજાર ગાઉનું અંતર કહી શકાય. આજે આ બધા ખોટો દેખાડાઓથી જ દુનિયામાં દુ:ખો નો ખડકલો થઈ રહયો છે અને માનવજાત એમા પિલાઈ રહી છે.



વોરેન બફેટ ની આ ટિપ્સ વાંચો તેઓ શું કહે છે........

(૧) હું ત્રણ બેડરૂમનાં ઘરમાં રહુ છું.


(૨) હું મોબાઈલ રાખતો નથી.


(૩) હું બ્રાન્ડેડ વસ્ત્રો પાછળ મારા પૈસા વેડફતો નથી.

(૪) હું ટેબલ પર કપ્યુટર રાખતો નથી.

(૫) હું કાર પોતે ચલાવુ છું ડ્રાઈવર રાખતો નથી.

(૬) હું કોઈ ક્રેડિટ કાર્ડ રાખતો નથી કે બેન્કમાંથી લોન લેતો નથી.





આ છે તેમના જીવનનું રહસ્ય. જરૂર જણાય ત્યાં તેઓ પૂરેપૂરી સાદગીના આગ્રહી રહયા છે.

આપણી વચ્ચેથી દુનિયાને અલવિદા કહેનાર મહાન વૈજ્ઞાનિક અને પૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. કલામ સાહેબને જ્યારે ભારત સરકારે રાષ્ટ્રપતિ તરીકે નિમણુંક કરી ત્યારે તેમની પાસે સેલફોન પણ નહતો. તેમના રૂમમાં ક્યારેય ટીવી જોવા મળ્યું નહિ. એમનું સાદગીભર્યુ જીવન કરોડો લોકોના દિલમાં રાજ કરી રહયું છે.

તેઓ હંમેશા કહેતા કે : મારું જીવન સીધું અને સાદુ છે. રામેશ્વરની ગહન શાંતિ મને હંમેશાઆકર્ષતી રહી છે. મારા ઓરડાની મોટા ભાગની જગ્યા પુસ્તકોથી ભરાઈ ગઈ છે. મારી પાસે થોડું સાદુ ફર્નિચર છે. દેશમાં ઘણાં વૈજ્ઞાનિકો અને ઈજનેરો વધુ પૈસા અને સગવડ માટે દેશ છોડી ચાલ્યા જાય છે. તેમને એ મળે પણ છે પણ પોતાના દેશવાસીઓ તરફથી મળતા પ્રેમ અને આદરનો વિકલ્પ શું એ ભૌતિક પ્રાપ્તિઓ બની શકે ? આ અબ્દુલ કલામ સાહેબની ઉચ્ચ વિચારધારાનું દર્શન કરાવે છે. આવા લોકોના જીવનમાં સાદગીપૂર્ણ જીવનના આપણને ઉત્કૃષ્ટ દર્શન થાય.

આપણાં રાષ્ટ્રપિતા ગાંધીજી એટલે સાદગીપૂર્ણ જીવનનું ઉત્તમ દૃષ્ટાંત . સાદગી તેમનો જીવન મંત્ર. તેમણે જીવનપર્યંત સાદગીપૂર્ણ જીવનનો મંત્ર પાળ્યો.

આપણે પણ ભૌતિકતાના, પશ્ચિમી સંસ્કૃતિના રંગે ન રંગાતા સાદગીપૂર્ણ ભારતીય આદર્શ જીવન જીવીને ભારતમાતાના સાચા વારસ બનાવવાનો સ્તુત્ય પ્રયાસ કરીએ.

# માં , માતૃભૂમિ અને માતૃભાષાને ચાહીએ



શૈલેષકુમાર જયંતિલાલ મહેતા,
આચાર્યશ્રી, શ્રી એસ.કે.વી.વિદ્યાલય.

મા , માતૃભૂમિ અને માતૃભાષા એ ત્રણેય એકબીજા સાથે સંકળાયેલાં છે. જે વ્યકિત માને ચાહે છે તે માતૃભૂમિને ચાહે છે જ. માને માતૃભૂમિને ચાહે છે તે માતૃભાષાને ચાહે જ. માનું મહત્વ સમજાવતાં અનેક દ્રષ્ટાંતો છે. માએ આપણને નવ માસ ગર્ભમાં ઉછેરીને , કેળવીને આ પૃથ્વી પર લાવવાનું નિમિત બની આપણા ઉપર મોટો ઉપકાર કર્યો છે. એમ કહેવાય છે કે , ગર્ભાવસ્થાથી મા અને બાળક એકબીજાને ઓળખે છે. ભાષા વિનાનો એ પરિચય અદભુત છે. પૃથ્વી ઉપર જન્મેલું બાળક સૌ પ્રથમ માને જ ઓળખે છે. ભાષાને બદલે હાવભાવથી તે પ્રત્યાયન કરે છે. મા જેટલું બાળકને ચાહે છે તેટલું બાળક પણ માને ચાહે છે , પરંતુ કયારેક પોતાનું બાળક કહ્યામાં ન રહે તો પણ મા તો બાળકને ચાહે છે જ. એક વાર્તામાં એક યુવક પોતાની પ્રેયસીને ખૂબજ ચાહે છે. પ્રેયસી તેની પાસે શરત મૂકે છે : તારી માનું કાળજું લઇને આવ તો જ હું તને સ્વીકારીશ. પ્રેમાંધ યુવાન માને મારીને કાળજું હાથમાં લઇને જાય છે, ત્યાં તેને ઠેસ વાગે છે ત્યાં જ કાળજું બોલી ઊઠે છે " બેટા, તને વાગ્યું તો નથી ને ? " આ માનો પ્રેમ ગણાય. વિશ્વના તમામ પ્રેમમાં મા-બાળકનો પ્રેમ શ્રેષ્ઠ છે. મા પ્રત્યેના પ્રેમમાં ઓટ આવે ત્યારે જ વૃધ્ધાશ્રમો સર્જાય છે. ફિટકાર છે એવા દીકરા-વહુઓને જે માને સાચવી શકતા નથી , વૃધ્ધાશ્રમમાં મોકલી દે છે. ઓછું હોય તેમ પાછું મકાનનું નામ " પિતૃકૃપા" કે "માતૃકૃપા" રાખે છે !!! એટલે તો કવિએ લખ્યું છે " મા તે મા બીજા બધા વન વગડાના વા" એટલે મા પ્રત્યેનો પ્રેમ વ્યકિતનો પ્રથમ છે. પ્રેમનો પ્રથમ સ્પર્શ એટલે જ માતૃપ્રેમ .......

મા પછી માતૃભૂમિને સૌ પ્રેમ કરે છે. જે ભૂમિમાં પોતે જન્મ્યા-ઉછર્યા-વિકસ્યા તે પ્રદેશ તે જ માતૃભૂમિ. વિશ્વના ગમે તે ખૂણે જઇએ પણ માતૃભૂમિને ન જ ભૂલાય. માતૃભૂમિને ચાહવી જ જોઇએ. જે ધુળમાં-પ્રકૃતિમાં ભેરુઓમાં આપણે રમીને મોટા થયા એમને કેમ ભૂલાય ? માતૃભૂમિ માટે દરેકને ગર્વ અને ગૌરવ બંને હોવા જોઇએ. પ્રથમ માતૃભૂમિ જ્યાં આપણે જન્મ્યા અને ઉછર્યા તે. પછી આપણું રાજ્ય , આપણો દેશ આપણી માતૃભૂમિ બની જાય છે. આપણે માતૃભૂમિની સભ્યતા અને સંસ્કૃતિ માટે આપણામાં ગૌરવ હોવું જોઇએ. તેને જ કહેવાય રાષ્ટ્રીય અસ્મિતા. ' ભારત મારો દેશ છે ,તેને હું ચાહું છું ' તે ભાવના આપણામાં મૂર્તિમંત થવી જોઇએ. દેશની વિવિધતામાં રહેલી એકતા પણ આપણામાં મૂર્તિમંત બનવી જોઇએ. કેટલાક લોકો વિદેશ ગયા પછી ત્યાંના જ ગુણ ગાયા કરે છે. જાણે ભારતમાં જન્મ્યા એ ગુનો કર્યો હોય એમ આવા ભારતમાં જન્મેલા છતાં વિદેશી જેવા નાગરિકો મારી દ્રષ્ટિએ અશિક્ષિત જ ગણાય. આપણે આપણા દેશનો વારસો અને વૈભવ જોઇએ ત્યારે ખ્યાલ આવે કે આપણી માતૃભૂમિ ઉપર ઈશ્વરે કેટલી કૃપા કરી છે. અમે પ્રાથમિક શાળામાં હતા ત્યારે એક કવિતા રોજ ગવડાવતા : ' જગતના સર્વ દેશોમાં અમારો દેશ સારો છે. ભલે ભૂલો કરે તોય અમારો દેશ સારો છે. ' પછી તે કવિતામાં ભારતની વિશેષતાઓ વર્ણવી હતી.

ભારતની દરેક વ્યકિતએ પોતાની માતૃભૂમિને મા જેટલી જ ચાહવી જોઇએ. એનું સાચું શિક્ષણ પરિવાર-શાળા અને કોલેજમાંથી પ્રાપ્ત થવું જોઇએ. આ માટે યાત્રાઓ અને પ્રવાસો થવા જોઇએ. આપણા કેટલાયે શિક્ષિત માણસોએ મોઢેરા, ખજુરાહોના શિલ્પો જોયા નથી. જેમણે રુક્ષ્મણી કે શામળાજીનાં શિલ્પોનો અભ્યાસ કર્યો નથી અને છતાં પોતાની જાતને ભારતીય કહેવડાવવાની ફિશીયારી મારે છે. આપણા દેશના પર્વતો , નદીઓ , સતીઓ, શૂરાઓ , સૂફીઓ , પાળિયા અને સંતોને યાદ કરો તો આપોઆપ માતૃભૂમિ માટે પ્રેમ છલકાય. જે વ્યકિત માતૃભૂમિને ચાહે છે તે માતૃભૂમિ માટે કંઇક કરે પણ છે. ચાહવું એટલે માત્ર શબ્દોથી નહીં , આચરણથી ચાહવું જોઇએ. માતૃભૂમિના વિકાસ માટે દરેક વ્યકિતએ બનતું બધું જ કરવું જોઇએ. આપણે ત્યાં માતૃભૂમિને ચાહનારા અનેક દ્રષ્ટાંતો છે.

ત્રીજો માતૃભાષા માટેનો પ્રેમ પણ એટલો જ મહત્વનો છે. કહેવાય છે કે જે ભાષામાં આપણને સ્વપ્નો આવે તે આપણી માતૃભાષા. બાળક પોતાના મુખમાંથી પ્રથમ ઉચ્ચાર માતૃભાષા દ્વારા જ કરે છે. માતૃભાષા પ્રત્યેનો પ્રેમ દરેક નાગરિકમાં ભારોભાર હોવો જોઇએ. માતૃભાષા સિવાયની જેટલી ભાષાઓ આપણે શીખવી હોય તેટલી શીખીએ પણ પ્રેમ તો માતૃભાષા પ્રત્યે જ હોવો જોઇએ. માટેતો આપણાં બાળકોને શરૂઆતનું શિક્ષણ માતૃભાષામાં જ આપવું જોઇએ.

આમ આપણે મા , માતૃભૂમિ અને માતૃભાષાને ચાહવા જોઇએ.

# પર્યાવરણ સંરક્ષણ અને પ્રદુષણ નિયંત્રણનો રાષ્ટ્રીય ધર્મ



શ્રીમતી અસ્મીતાબેન એચ. ત્રિવેદી
પ્રાથમિક શિક્ષક

આજનું માનવીય જીવન અનેક પ્રકારના પ્રદુષણથી ભારે દુષિત અને બિનસલામત છે ત્યારે પ્રત્યેક માનવીએ પોતાનો પર્યાવરણ ધર્મ સમજવો જોઈએ. આજે હવાનું પ્રદુષણ, પાણીનું પ્રદુષણ, જમીનનું પ્રદુષણ અને છેતરપીંડીભરી જાહેરાતોના પ્રદુષણે જનજીવન તેમજ જીવજંતુ અને પશુપંખીના કુદરતી જીવનને કાતિલપણે રહેંસી રહ્યા છે.

બેફામ વધતો જતો વાહનવ્યવહાર અને પાણીનો ભારે દુર્વ્યય માણસને ખુદને પરેશાન કરી રહ્યો છે ત્યારે પ્રત્યેક માનવીએ "કીડીથી હાથી" સુધીના જીવો અને પંખીઓની સલામતી અંગે સંચિત બની સ્વધર્મ સમજવો જોઈ. ભારે ઝડપી ઉધોગીકરણે હવા-પાણીનું ભારે પ્રદુષણ કર્યું છે.

દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલનો અઠવાડીયે એકાદ દિન ભારે વાહનો બંધ કરી સાઈકલયાત્રાને જે રીતે વધાવી તે દિલ્હી જેવા મહાનગરને પ્રદુષણથી બચાવવાનો જબરો પ્રયાસ છે જે મુંબઈ,કલકતા,મદ્રાસ,અમદાવાદ જેવા મહાનગરો એ પણ અજમાવવા જેવો છે.

વિધાર્થી, શિક્ષક, વેપારી, નોકરીયાત સૌ કોઈ નજીકનાં સ્થળોએ પહોંચવા પૈદલ કે સાઈકલથી જાય તો કેટકેટલું ઈંધણ અને ખર્ચ બચે અને પ્રદુષણ સામે પણ લડી શકાય. ભારત જેવા વિકસતા દેશની આમ જનતાએ પોતાનું આ કર્તવ્ય બજાવવું એ પણ એક રીતે રાષ્ટ્રીયધર્મ જ છે ને !

વૃક્ષ ઉછેરીએ, પાણી બચાવીએ, વીજળી બચાવીએ, ઈંધણ બચાવીએ, એ પણ રાષ્ટ્રધર્મ જ છે ને ! આપના ખુદનું અસ્તિત્વ જોખમાય તે પહેલાં જાગ્યા ત્યારથી સવાર ગણી ગાંધીમાર્ગે પર્યાવરણ સંરક્ષણ અને પ્રદુષણ નિયંત્રણાર્થે મચી જઈએ તો હજી બચી શકીશું. ગાંધીજીની સાબરમતીની લોટી જળ અને કાગળની કોરી કાપલીના ફરી ઉપયોગની વાત કેટલી સરાહનીય છે ! સારું છે તો આ સ્વીકારીએ ભલા.

# बाल दिवस

हर साल १४ नवंबर को हमारे देश में बाल दिवस मनाया जाता है ।इस दिन भारत के प्रथम प्रधानमंत्री पंडित जवाहरलाल नेहरू का जन्मदिन आता है। इस दिन को विशेष तौर पर 'बाल दिवस' के रूप में मनाया जाता है क्योंकि नेहरू जी को बच्चों से बहुत प्यार था और बच्चे उन्हें चाचा नेहरू पुकारते थे। इस विशेष दिन पर मुझे मेरी एक कविता प्रस्तुत करने की इच्छा हुई। कभी-कभी मुझे इस मुकाम पर पहुंचने के बाद ऐसा लगता है कि सब बहुत समझदारी दिखाते दिखाते परेशान हो गए हैं और कभी ऐसा लगता है कि काश हम फिर से बच्चे बन जाएं।

आओ कि हम दीप जलाएं।
आओ कि हम दीप जलाएं
टिमटिमाते बालकों को उजाला दिखलाएं
भूले ना राह सच्चाई की ऐसा कुछ सिखाएं
ना हो मन में भेदभाव वह सब को अपनाए
हर एक बालक में मानवता का भाव जगाए
जो हो वह निराश,जीवन में उसका उत्साह बढ़ाए
चुने वह कोई भी क्षेत्र पर ना उसके पांव डगमगाए
उनके मन को हम सुन सके ऐसा कोई गान वह गाए
देश को करें हम इनको समर्पित वह देश को राष्ट्र बनाए
हर एक बालक में चलो हम मानवता का भाव जगाए।



*Bina D. Bhatt*
*Sec. School Teacher*





# ગીતા જયંતિ



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

માગશર સુદ એકાદશીનું મંગલ પ્રભાત એટલે ભારતીય સંસ્કૃતિનું સુવર્ણપાન. માધવના મુખારવિંદ માંથી નીકળેલું માધુર્ય એટલે શ્રીમદ્ ભગવત ગીતા. એક માત્ર એવો ગ્રંથ જેની જન્મ જ્યંતિ ઊજવાય છે . એવો ગ્રંથ કે જેણે ભગવાનને માત્ર આકશમાં ન રાખતાં, મંદિરમાં ન રાખતા "સર્વસ્ય ચાહં હદિ સંનિવિષ્ટો" કહીને માનવીના હૃદયમાં સ્થાપિત કર્યા છે.

આજના ભૌતિક યુગમાં માણસે પ્રગતિના દ્વારો ખોલ્યાં છે તે જોઇને દંગ થઇ જવાય છે. આંગળીના ટેરવે વિશ્વની ગતિ વિધિઓ જાણી શકાય છે. ઈન્ટરનેટ વિશ્વને પોતાના ટેબલ પર લાવી દીધું છે.

વિશ્વની વાતોઅથી જોડાયેલા આજના વૈશ્વિક માનવ તરફ નજર કરીએ તો તે એકલો દેખાય છે જીવનમાં નિરાશા અને હતાશા આવેલી દેખાય છે. વિડીયો ગેમ માં જીતતો રહેલો માણસ પોતાના જીવનમાં નાની નાની વાતોમાં હારી જાય છે. પરિસ્થિતિનો ગુલામ બની ગયેલો લાગે છે. નિયતિનું રમકડું બની ગયેલો દેખાય છે. આ જાળમાંથી તેને કોણ બહાર કાઢશે?

'યદા યદા હિ ધર્મસ્ય .......' કહેનાર શ્રીકૃષ્ણનું શાશ્વત તત્વજ્ઞાન જ માણસની વહારે આવી શકે છે. શ્રીમદ્ભગવત ગીતામાં ચિંરતન કાળ સુધી માનવી જીવનનું માર્ગદર્શન ભગવાને સ્વયં આપ્યું છે.

આપણે કોઈપણ વસ્તુ ખરીદીએ ત્યારે તેની સાથે એક Manual આવે . જેમાં જે – તે વસ્તુ કેવી રીતે વાપરવી તે દર્શાવેલું હોય. 1000 રૂપિયાના પ્રેશરકૂકરમાં આવું Manual આવેતો પછી ભગવાને જ્યારે માણસને બનાવ્યો હોય તો શું તેનું Manual સાથે ન આપે ? ગીતા એ માનવ જીવનનું Manual છે. જેમાં માણસે પોતાના મન, બુધ્ધિ, સ્વભાવ સાથે કઇ રીતે વર્તન કરવું તે સ્પષ્ટ પણે વર્ણન કરેલું છે. પણ જરૂર છે તેને એ રીતે utilize કરવાની.

ગીતા એ માત્ર હિન્દુઓનો ધર્મગ્રથં નથી પણ સમગ્ર માનવજાત માટે છે. કારણકે તેના ઉદ્ભવ સમયે સમાજમાં કોઈ હિન્દુ, મુસ્લીમ, ખ્રિસ્તી એવા કોઇ ધર્મ અસ્તિત્વમાં નહોતા. માત્ર એક જ ઈસાઈ ધર્મ હતો તે એટલે માનવધર્મ.

અત્યારના સમયની વાત કરીએ તો વિશ્વની નામચીન યુનિવર્સિટી માંMBA વિધાર્થીઓને ગીતાના મંત્રો ભણાવવામાં આવે છે. જેમકે MBA ના એક બેચનો Reserch topic હતો : How to contral on anger ? ગુસ્સા પર કઇ રીતે કાબુ કરવો ? ઘણાંબધા પુસ્તકોનો અભ્યાસ કર્યા પછી તેઓ એ તારણ પર આવ્યા કે ગીતાનો એકમાત્ર શ્લોક તેના માટે પૂરતો છે : 'क्रोधाद भयति संमोह'....... ક્રોધ થી સંમોહ નિર્માણ થાય છે. સંમોહથી સ્મૃતિ નાશ પામે છે. તેનું પરિણામ મારી બુધ્ધિને નાશ કરે છે અને એક વખત બુધ્ધિ નાશ થવાથી બધું જ નાશ પામે છે. તમામ કોયડાઓનો ઉકેલ ગીતામાં છે. માટે જ કહેવાયું છે કે " ગીતા કેવળ ગ્રંથ નથી છે જીવનનો ધબકાર".

આવી ગીતાનું પૂજન થવું જોઇએ આપણે ગીતાના સાચા વારસદારો છીએ તેથી તેને સાચવવાની , સંભાળવાની જવાબદારી આપણાં સહુની છે.

# શાળા ની પ્રવૃતિઓ











## ૨૬મી જાન્યુઆરી પર્વની ઉજવણી













# એકમ કસોટી








પ્રજ્ઞાલ કારકિર્દી માર્ગદર્શન તાલીમ
ધોરણ-૯ થી ૧૨ બંને માધ્યમ

# કલા મહાકુંભ




























પ્રાથમિક શાળાના ઈ.આચાર્યશ્રી જે.એસ.પાઠક સાહેબનો
વિદાય પ્રસંગ



**શ્રી શ્યામજી કૃષ્ણવર્મા વિદ્યાલય**

એસ.કે.વી. નગર , તા. લખપત(કચ્છ)

આપનું હાર્દિક સ્વાગત કરે છે







ઉડાન પ્રોજેક્ટ અંતર્ગત
અદાણી પાવર પ્રોજેક્ટ
અને અદાણી પોર્ટની
મુલાકાત





એકાગ્રતા અને વ્યસન મુકતી કાર્યક્રમ








શાળાના વિધાર્થીઓ પાસેથી બિનઉપયોગી વસ્ત્રો એકઠા કરીઆજુબાજુના ગામડાઓમાં વિતરણ















જી.એમ.ડી.સી. સ્પોર્ટ્સ ઓલમ્પીયાડમાં
શાળાના કર્મચારીઓ અને બાળકોનો
ઉત્કૃષ્ટ દેખાવ















કચ્છમિત્ર - એન્કરવાલા ક્રિકેટ કપ









## શનિવાર ની પ્રવૃતિ



